# સામાજીક અને સાંસ્કૃતિક રીતે કચડાયેલા લોકોનો અવાજ

ડૉ. એમ.એમ. જગાણી

આસીસ્ટન્ટ પ્રોફેસર રાજ્યશાસ્ત્ર વિભાગ

એમ.એન. કોલેજ- વિસનગર, જિ.મહેસાણા.

આપણા દેશના સંવિધાનના આમુખમાં ભારતના લોકોને ન્યાય મળે તે બાબત પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. સંવિધાનના આમુખમાંજ સહુ નાગરીકોને સામાજીક, આર્થિક તેમજ રાજકીયન્યાય આપવાનો સંકલ્પ દ્રઢ પણે વ્યકત થયો છે.+[૧] ન્યાયના આ ત્રણેય પાસાઓ પરસ્પર ગુંથાયેલા છે. બંધરણના શિલ્પી ડૉ.બાબાસાહેબ આંબેડકરે જણાવ્યું હતું કે, "આખરે આર્થિક સંબંધોના પાયા પર જ રાજકીય, સામાજીક માળખા ઉભા હોય છે. આર્થિક વિષમતાવાળા સમાજમાં સામાજીક રાજકીય સમાનતા કે બંધુતા કલ્પવી તે મૃગજળ સમાન છે."વળી સંવિધાનનો એક મુદ્દો વિશેષ ધ્યાને છે. એમાં સૌ પ્રથમ ન્યાયી સમાજ રચનાને એટલે કે, ન્યાયને મહત્ત્વ અપાયું છે. ત્યારબાદ જ સ્વતંત્રતા સમાનતા અને બંધુતાને સ્થાપવાનો નિર્ધાર વ્યકત થયો છે. ન્યાય માટેની માનવીની ઝંખના અને તે માળખા માટેના માનવ માત્રના પ્રયાસોથીજ સાચુ સ્વતંત્ર સિધ્ધ થઈ શકે છે.

ભારતની કુલ વસ્તીનો ૧૪% ભાગ અનુસૂચિત જાતીનો રહ્યો છે. આ જાતીને કહેવાતા હિંદુ તથા અન્ય ધર્મના અનુયાયીઓ તરફથી સામાજીક, આર્થિક, ધાર્મિક તેમજ રાજકીય અન્યાય થતો આવ્યો છે. આધૂનિક યુગ દરમ્યાન શિક્ષણના પ્રચાર પ્રસારના કારણે તેઓમાં તેમના અધિકારો અંગે જાગૃતિ આવવા લાગી હતી. સાથે સાથે ભારતીય રાજનેતાઓ તેમજ સમાજ સુધારકોએ પણ અશ્પૃશ્યતા નિવારણને ખુબ મહત્વ આપ્યું હતું. +[૨] ગાંધીજીને મન તો અશ્પૃશ્યતાને જો હિંદું ધર્મનું અંગ હોય તો તે વધારાનુ અને સડેલું અંગ જણાયું હતું. હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસે આ પ્રશ્નને ખાસ મહત્વ આપ્યું ન હતું. કારણકે આચાર્ય કૃપલાની લખે છે તે મુજબ ગાંધીજીએ દેશના રાજકારણમાં પ્રવેશ કર્યો તે પહેલા કાંગ્રેસનું રાજકારણ આરામનું હતું. મોટા ભાગના રાજકારણીઓ વકીલો હતા. જે નાતાલની રજાઓમાં મળતા અને અંગ્રેજો પાસેથી મોટી નોકરીઓ મળી શકે તે પ્રત્યેની અને કોઈ આપખુદ અંગ્રેજ અમલદારોના ત્રાસ સામ રક્ષણની માંગણીઓ કરતા. છેક ઈ.સ.૧૯૧૭ના કલકત્તાના બાવીસમા અધિવેશનમાં અસ્પૃશ્યતા નિવારવા માટે પહેલી વખત ઠરાવ થયો. તેનું કારણ એ હતું કે ગાંધીજીનું મહત્વ ભારતીય ઉપખંડમાં વધતું જતું હતું.

ગાંધીજીના આગમન સાથેજ ગુજરાતમાં અસ્પૃશ્યતા નિવારણ નું કાર્ય શરૂ થઈ ગયું હતું. ગાંધીયુગના +[3] પહેલા અંત્યંજ સેવક બનવાનું માન મામા સાહેબને જાય છે. તેમણે ગોધરામાં એક અત્યંજ સેવા આશ્રમ સ્થાપી આ ભગીરથકાર્ય હાથ ધર્યું હતું. પરંતું ભારતમાં અસ્પૃશ્યતા નિવારણ માટે જોઈએ તેવી પ્રસિધ્ધી ઉભી થઈ ન હતી. આ સમસ્યાને ગતિ અને પ્રસિધ્ધિ પૂના કરાર બાદ જ મળી હતી. એમ કહી શકાય.

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું અંતિમ ધ્યેય સમાજના છેવાડાના માનવીનું કલ્યાણ હતું. સમાજનાછેવાડાના માનવી એટલે ગામનાં દલિતો બ્રિટીશ કાળે તેમજ ગાંધીયુગમાં પંચાયતોમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન એટલો જ જટિલ હતો ત્યારે

દલિતોને પંચાયતો દ્વારા સાચો ન્યાય મળે તેમ ડૉ.બાબાસાહેબ આંબેડકર ને લાગતું ન હતું. +[૪]પ્રાચીન સમયની પંચાયતો જાતીવાદ, કોમવાદ, એવા અનેક વાદોના ગ્રહણનો ભોગ બનેલી હતી. સમાજના ઉપલાવર્ગના લોકો અને જાગીરદારોના સ્થાપિત હિતોની પંચાયતો ઉપર મજબૂત પકડ હતી. તેમની સામે દલિતો લાચાર અને બેવસ હતા. ત્યારે ખુબજ સ્વાભાવિક છે કે, દલિતો અને આદિવાસીઓ તેમજ અન્ય કચડાયેલી જાતિઓને પંચાયતો દ્વારા ન્યાય મળે +[૫] આઝાદીના છ દાયકા પછી પણ કેટલાક ગામડાઓમાં દલિતોને પીવાનું પાણી તેમજ સિંચાઈના પાણીની વહેંચણીમાં કોમવાદી વલણ ધરાવીને અન્યાય કરવામાં આવે છે. આજે પણ વિવિધ પ્રકારે વિવિધ સ્વરૂપે અસ્પૃશ્યતા પળાઈ છે જ. ત્યારે સરકાર આ બાબતે અસરકારક પગલા ભરી શકતી નથી. તેવી લોકલાગણી હોય છે. તેવા સમયે ૬૦વર્ષ પહેલા ડૉ. આંબેડકરે પંચાયતોનાં માળખામાં સમાજના છેવાડાના વર્ગોને ન્યાય આપવા તેમનો અવાજ મજબૂત રીતે રજુ કરવા જો કોઈ સાંકળ ખેંચી હોય તો તેનું કારણ એટલુંજ હતું કે, પંચાયતો પણ કોમવાદના ગ્રહણ માંથી બહાર આવે. પરંતું બાબાસાહેબ આંબેડકર ના આ દ્રષ્ટિકોણ પણ આજે પણ એટલોજ પ્રસ્તુત છે.

ભારતના ગ્રામિણ સમાજની સ્થિતી કેવી છે. અને શું સમાજ તેની હાલની પરિસ્થિતીમાં ગ્રામિણ વિકાસની મોટી જવાબદારી ઉઠાવી શકે તેમ છે? જે પરંપરાગત અને કોટીક્રમમાં સામાજીક માળખું વહેંચાયેલું છે. અને જેમાં સર્વપ્રકારની વિષમતાઓ રહેલી છે. જેમાં ભારોભાર ગરીબી અને નબળા સમાજીક-આર્થિક વર્ગો રહ્યા છે. જેમાં બંધારણીય કાનુની જોગવાઈ હોવા છતાં આર્થિક સલામતિ આપી શકાતી નથી. જેમાં સંખ્યા બંધ બેરોજગારો અર્ધ બેરોજગારો તથા વિચરતા શ્રમિકો છે. જેમાં જમીન વિહોણા લાખો કરોડો ખેત મજુરો અને કોઈ પણ કુશળતા નહી ધરાવતા એટલીજ મોટી સંખ્યામાં શ્રમિકો છે. જેમાં ગ્રામિણ સમાજના અતિ મોટા અને આર્થિક સાધન વિહોણાઓ એ બહુ થોડા પણ સાધન સંપન્નની સામે દૈનિક જીવનમાં અને આર્થિક સ્પર્ધામાં ટકવાનું છે. શું આવો સમાજ વિકાસની ભારે મોટી જવાબદારી ઉઠાવવા સક્ષમ ગ્રામીણ સ્વરાજ્યની સંસ્થાઓ રચી અને ટકાવી શકશે? જેઓ સામાજીક રીતે પછાત છે. તેઓ આર્થિક રીતે પણ પછાત છે. અને તેથી તેઓ રાજકીય રીતે પણ અસરકારક બની શકતા નથી. આવા સામાજીક, આર્થિક પછાત બંધવા શ્રમિકો, બંધવા મજુરોના કરજમાંથી કાનૂની રીતે મુકિત પામેલાઓ અને છતા અંકિચનો જમીન વિહોણા ખેત મજુરો, કુશળતા વિનાના ખેતમજુરો, કુશળતા વિનાના શ્રમિકો તથા પુરૂષ પ્રધાન સમાજની અને ઘણા ભાગે અશિક્ષિત મહિલા પાસે તેમને શ્રમ આપવા સિવાય બીજું કશું હોતું નથી. તેઓ સમાજના સક્ષમો સાથે કોઈ પણ રીતે સ્પર્ધા કરી શકતા નથી. અને સમાજમાં સર્જાતી સમૃધ્ધિમાં તેમને નગણ્ય હિસ્સો મળે છે. આવા આશ્રિતો તેમને સોંપડેલા કમ નસીબને કારણે પ્રાતિનિધીક સંસ્થાઓમાં કાનૂની જોગવાઈ સિવાય સ્થાન પામી શકતા નથી. અને આવું સ્થાન પામે છે. ત્યારે તેઓ અસરકારક બની શકતા નથી. આવા ગ્રામિણ સમાજની વિકાસની કામગીરી પણ એટલીજ મુશ્કેલ છે. સામાજીક વિકાસની પ્રક્રિયામાં છેવાડે રહી ગયેલા વંચિતો અને દલિતો ઉપરના અત્યાચારો વધી રહયા છે. તેમનું બધી રીતે શોષણ થઈ રહ્યું છે. તેમાંય ખાસ કરીને દલિત મહિલાઓનો સૌથી વધુ ભોગ લેવાય છે.

+[૬]આપણા જ દેશમાં ચેન્નાઈ ખાતે દલિત માનવ અધિકાર ઝુંબેશ દ્વારા દલિતોના પ્રશ્ને જે જાહેરલોક સુનાવણી યોજાઈ હતી. તેમાં આઠેક જેટલા ધારાશાસ્ત્રીઓની બનેલી જ્યુડીશીયરીએ આ લોકસુનાવણીના અંતે જાહેર કરેલ ચૂકાદામાં એક કેસમાં નોંધ્યું છે કે, રાજતંત્ર અને સભ્ય સમાજમાં પ્રભુત્વ ધરાવતા લોકો મજબુત બનેલી જાતિ વ્યવસ્થા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં દલિતોની રાજકીય ભાગીદારી સામે અવરોધ ઊભા કરે છે. ગ્રામસભા અને પંચાયતોમાં વડા તરીકે

ચૂંટાયેલા દલિતોને તે સ્થાન પરથી દુર કરવાનું વલણ આઘાત જનક છે. નાણાંકીય ઉચાપતોની ખોટી ફરીયાદો ઘડી કાઢીને જિલ્લા વહીવટી તંત્રના સત્તાધિકારીઓ સાથે સાંઠ ગાંઠ કરીને તેઓ દલિતોને તેમના પદ પરથી દુર કરાવે છે. આ જ્યુડીશીયરીએ સરકારી સત્તાવાળાઓ સાથે ગઢ-બંધન કરીને વર્ચસ્વ ધરાવતા જ્ઞાતિજુથો દ્વારા ગુજરાતના એક દલિત મહિલા સરપંચને પદ પરથી હટાવી દેવા અંગેના કેસ નોંધી દીધો છે. આવી પરિસ્થિતિ સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓમાં અનામત નીતિની મજાક ઉડાવે છે.

આપણું ગામડું સંકુચિતતા અજ્ઞાન અને કોમવાદનું કેન્દ્ર છે. એમ આર્ષદ્રષ્ટા આંબેડકરે બંધારણના ઘડતર સમય કહ્યું હતું. આજે આઝાદીના ૬૮ વર્ષ પછી પણ મહાત્માગાંધી જેને સત્તાનું કેન્દ્ર બનાવવા માગતા હતા તે કવિ કલ્પનાના આદર્શ કે રળીયામણી ગ્રામ્ય સંસ્કૃતિ વાસ્તવમાં શોષણ, અત્યાચાર, જ્ઞાતિવાદ અને ભ્રષ્ટાચારથી ખદબદે છે. ભારતીય બંધારણે બક્ષેલો સમાનતાનો મહામુલો અધિકાર અહી પોથીમાંના રીંગણા જેવો સાબીત થયો છે. ગામડાઓમાં સંપૂર્ણ પણે સામંતી તત્વોની આણ પ્રવર્તે છે. તેમાં દોલિતોની હાલત સૌથી કફોડી છે. ખરેખર પંચાયતોમાં સત્તાનું વિકેન્દ્રીકરણ નહીં પણ અત્યાચારનું કેન્દ્રીકરણ થયું છે.

+[૭]સુપ્રસિધ્ધ સમાજશાસ્ત્રી આઈ.પી. દેસાઈના એક અભ્યાસમાં એવું જોવા મળ્યું છે કે, ૯૦%કરતા પણ વધુ પંચાયતોમાં અસ્પૃશ્યતા આચરવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં ઝીણાભાઈ દરજી સમિતિની ભલામણથી પંચાયત ધારામાં ગામ, તાલુકા અને જિલ્લા સ્તરે સામાજિક ન્યાય સમિતીની રચના કરવામાં આવી શકે તેવી જોગવાઈ કરવામાં આવી પરંતું આ સામાજિક ન્યાય સમિતિને કશી સત્તા આપવામાં આવી નથી. ગ્રામ્ય સ્તરે થી આ સમિતિને જીવંત કરવી જોઈએ ગામતળ, જમીનનો વહીવટ, નિકાલ અને અભિપ્રાય વગર ન લઈ શકે. લઘુત્તમ વેતનનો અમલ એને સાંપવામાં આવે. ગરીબો માટે કરવામાં આવેલી અને હવે પછી કરવામાં આવનાર યોજનાઓનો અમલ સમિતી મારફત થાય, સામાજીક બહિષ્કારના સમયે ભોગ બનેલાઓની પડખે મજબુતીથી ઉભા થઈ શકે તેવા બજેટની જોગવાઈ તેને આપવામાં આવે, શિક્ષણ ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે, ખોટા વ્યસનોમાંથી તેમને દુર કરવામાં આવે, કજિયા-કંકાશ અને કોર્ટ કચેરીથી દુર કરવામાં આવે છેલ્લે સાચી અને વાસ્તવિક પરિસ્થિતીનું ભાન કરાવવું અત્યંત જરૂરી છે. ટુંકમાં આ દિશામાં કામ કરવાનું બાકી છે.

પંચાયતીરાજમાં ધબકતો ગ્રામ્ય સમાજ આવા અર્થમાં ગ્રામ્ય સ્વરાજ્યમાં હજુ બદલાયો નથી. ગરીબી હટાવોનો નારો સાંભળીને ગરીબોના કાન બહેરા થઈ ગયા છે. પંચાયતીરાજ પણ કોમવાદ, પક્ષવાદ જેવી પરીસ્થિતી વચ્ચે સુરક્ષિત અને સ્વતંત્ર નથી. ગ્રામ્ય સ્વરાજ્યનો ગરીબ પંચાયતી રાજના એક હથ્થુ સત્તાવાદ, ઈર્ષા અને વેર ઝેર અને જમીનદારો વચ્ચે સડે છે. સલામતી અને સ્વરક્ષણ માટેના ઉપાયો અને સાધનો ટાંચા અને નિરર્થક પુરવાર થતા જાય છે. ખુના મરકી- તોફાનો ઉભા મોલની કાપણી શાહૂકારી પંજા નીચે માનવતા દબાયેલી છે.

આમ સમગ્રપણે જોતાં અસ્પૃશ્યતાનું દુષણ જ્ઞાતિ પ્રથાના અનેક કદરૂપા પરિણામોનું એક છે. હિંદું સમાજની એક સમયની કુલ વસ્તીના લગભગ ૧/૫ જેટલી સંખ્યા ધરાવતો વિશાળ વર્ગ ભારે અન્યાય અને હિણપત ભોગવી રહયો છે. અસ્પૃશ્યતાનું દુષણ હિંદુ સમાજમાં ઉડા મુળીયા નાખીને બેઠું છે. ત્યારે આ દુષણ હિંદુ સમાની ખુબજ વિકટ સમસ્યા સાબિત થઈ રહી છે. ગાંધીજી લખે છે કે, જો વહેલાસર અસ્પૃશ્યતા નાબુદ કરવામાં ન આવે તો હિંદું સમાજ અને ધર્મની હસ્તી જોખમમાં છે.

તેમણે અમદાવાદમાં શરૂ કરેલ કોચરલ આશ્રમમાં ૧૧ સપ્ટેમ્બર ૧૯૧૬ ના રોજ મુંબઈ થી અમૃતલાલ ઠક્કરે મોકલેલા દુદાભાઈ નામના અત્યંજ શિક્ષકને આશ્રમમાં દાખલ કર્યો પછી તેમની પત્નિ દાનીબેન અને પુત્રી લક્ષ્મી પણ આશ્રમમાં રહેવા આવ્યા આ વાત કસ્તુરબાને ન ગમી. ગાંધીજીએ તેમને દુદાભાઈનાં કુટુંબને સ્વીકારી લેવાનું અથવા આશ્રમ છોડી જવાનું કહ્યું હતું. કસ્તુરબા ગાંધીજીને છોડીને જઈ શકે તેમ ન હતા. તેથી તેમણે તે કુટુંબને સ્વીકારી લીધું હતું. વળી આશ્રમને મળતી આર્થિક મદદ બંધ થઈ તો પણ તેઓ પોતાના નિર્ણયમાંથી ડગ્યા નહીં. ગાંધીજી હરિજનવાસ ની મુલાકાત લઈ સફાઈ ફંડફાળો, સહભોજન ઈત્યાદી પ્રવૃત્તિઓ કરતા હતા. તેમણે હરિજનોનું સાંસ્કૃતિક સ્તર ઉંચું લાવવા માટે સફાઈ દારૂ-બંધી, આરોગ્ય, શિક્ષણ વગેરેને લગતા રચનાત્મક કાર્યક્રમો અમલમાં મુકયા હતા.

+[૭]ડૉ.આંબેડકરે સંવિધાનની બિલ્ટ - ઈન અથવા અન્દરૂની વિરોધિતાઓ વિશે સતર્ક હતા. એમણે અત્યંત સ્પષ્ટ ભાષામાં આ વિરોધિતાઓ પેશ કરી છે. જાન્યુઆરી ૨૬ ૧૯૫૦ ને દિવસે આપણે વિરોધિતાની એક સ્થિતીમાં પ્રવેશ કરી રહ્યા છીએ. રાજકારણમાં આપણી પાસે સમાનતા છે. અને સમાજકારણામાં આપણી સમક્ષ અસમાનતા છે. રાજકારણમાં આપણે એક સિધ્ધાંત સ્વિકાર્યો છે. એક માણસ એક વોટ, એક મુલ્ય, પણ સમાજકારણમાં આપણે એક માણસ, એક મુલ્ય, સ્વીકારતા નથી. સામાજીક અને આર્થિક ક્ષેત્રોમાં અસમાનતા આપણે કયાં સુધી ચલાવીશું? જો લાંબો સમય આ અસમાનતા ચાલુ રહેશે તો આપણી રાજકીય લોકશાહી જોખમમાં આવી પડશે.

ભારતના સંવિધાનનું ડૉ.આંબેડકર માટે કદાચ સૌથી મહત્વ પુર્ણ વાકય અસ્પૃશ્યતાના સંપૂર્ણ નિષેધ વિશેનું હતું. કારણ કે, એ એમના આ જીવન સંઘર્ષની ફલશ્રુતિ હતી. સંવિધાનમાં ધારા-૧૭ રૂપે એ ગ્રંથસ્થ થઈ છે. અને એની પાછળ પણ એક નાનો ઈતિહાસ છે. મૂળભૂત અધિકારોના વિભાગમાં ડૉ.આંબેડકરે ડ્રાફટમાં જે વાકય લખ્યું હતું એ આ પ્રમાણે હતું. "કોઈ પણ વિશેષાધિકાર કે, અધિકારછેદન જે હોદ્દા, જન્મ, વ્યકિત, પરિવાર, ધર્મ વિધિ કે રિવાજને કારણે જન્મે છે. એ શેષ કરવામા આવે છે. તત્કાલિન સંવિધાન સભાના સભ્યોને આ રચના અને તાત્પર્ય અયોગ્ય લાગ્યા એટલે લેખક, ઈતિહાસ વિદ્ અને કાયદા શાસ્ત્રી કનૈયાલાલ મુનશીએ નવો સુધારો સુચવ્યો છે. મુનશીનો સુધારો આ પ્રમાણે હતો." અશ્પૃશ્યતા ખતમ કરવામાં આવી છે. અને એના કોઈ પણ પ્રકાર પર પ્રતિબંધ છે. અશ્પૃશ્યતાને કારણે કોઈ પણ જ્યાદતી દેખાશે તો એ ગુનો ગણાશે. અને એ માટે કાનુની સજા થશે.

સંદર્ભ:-

(૧) આગ્જાબલદેવ- સ્થાનિક સ્વરાજ્યમાં સામાજીક ન્યાય - આશાદીપમાનવ વિકાસ કેન્દ્ર આણંદ, પેજ નં. ૮
(૨) દેસાઈ મહબૂબ - ગાંધીજી એક રાષ્ટ્રીય સેવક, પેજ નં. ૧૩૭
(૩) ફડકે મામા સાહેબ - મારી જીવન કથા નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૭૪ પેજ નં. ૧૧૨
(૪) આગ્જાબલદેવ - સ્થાનિક સ્વરાજ્યમાં સામાજીક ન્યાય આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર- સાણંદ પેજ.નં. ૫૯
(૫) સરપંચ ૧૯૯૯ અંક ૧૦ પેજ નં. ૧૬
(૬) પંચાયતીરાજ અને વિકાસ - પ્રવિણ શેઠ
(૭) ડૉ.ઉર્મિલા પટેલ - ગુજરાતનાં 'વિકસતા સમુદાયો'
(૮) બક્ષી ચંદ્રકાન્ત- આઝાદી પછી- ૨૦૦૩ પૃષ્ઠ-૨૯